# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દેવાતજ દ્વારા "ન્યુ ઈન્ડિયા મંથન : સંકલ્પથી સિધ્ધી" યોજના પર ખેડૂત સંમેલન ની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા તારીખ ૨૪.૦૮.૨૦૧૭ ના રોજ "ન્યુ ઈન્ડિયા મંથન : સંકલ્પ થી સિધ્ધી" યોજના પરત્વેના વિવિધ કાર્યક્રમો પૈકી ખેડૂતોની આવક ૨૦૨૨ સુધીમાં બમણી કરવાના સંકલ્પ સારૂ મલાતજ ગામ ખાતે ખેડૂત સંમેલન ની ઉજવણી કરવામાં આવી જેમાં આશરે ૪૦૦ જેટલા ખેડુત ભાઈઓ તેમજ બહેનોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી દિલીપભાઈ પટેલ, માન. સંસદ સભ્યશ્રી, આણંદ, અધ્યક્ષ સ્થાને આણંદ કૃષિ યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી ડો. એન. સી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. અતિથિ વિશેષ તરીકે શ્રી અમિત પ્રકાશ યાદવ (IAS), માન. જિલ્લા વિકાસ અધિકારી, આણંદ, ડો. અરૂણભાઈ એ. પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ, ડો. પી. આર. ભટનાગર, વડાશ્રી, ICAR-CSWCRTI, વાસદ, તથા આમંત્રિત મહેમાનોમાં ડો. સી. એન. પટેલ, જિલ્લા ખેતીવાડી અધિકારી, આણંદ, શ્રી વિપુલભાઈ પટેલ, જિલ્લા સંકલનકાર, PDDUUKSY, આણંદ, ગુજરાત, આત્મા પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, પ્રિતેશભાઇ પટેલ, ડો.સ્નેહલ પટેલ, નાયબ પશુપાલન નિયામકશ્રી, આણંદ, શ્રી ભરતભાઇ મોદી, મામલતદાર, સોજીત્રા, શ્રી દુર્ગેશભાઇ પટેલ, સરપંચ, મલાતજ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડો. જી. જી. પટેલ દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનુ શાબ્દીક સ્વાગત કરી સંકલ્પ થી સિધ્ધિ પરત્વે સંકલ્પ લેવાનુ મહત્વ સમજાવ્યું. ત્યારબાદ પુષ્પગુચ્છથી તેમજ સરગવાના રોપા અર્પણ કરી સ્વાગત વિધિ પૂર્ણ કરી ત્યારબાદ જિલ્લા ખેતીવાડી અધિકારી, આણંદ, ડો. સી. એન. પટેલે માન. પ્રધાનમંત્રીશ્રીના સંદેશનું વાંચન કરી સર્વેને માહિતગાર કરેલ. જિલ્લા સંકલનકાર, PDDUUKSY, આણંદ, શ્રી વિપુલભાઈ પટેલ (ડભોઉવાળા) દ્વારા સભામાં ઉપસ્થિત સર્વે મંચસ્થ મહાનુભાવોની સાથે ખેડુત ભાઇઓ તથા બહેનોને નવભારત નિર્માણ (૨૦૧૭-૨૦૨૨) માટેના વિવિધ સંકલ્પોની શપથ લેવડાવેલ. જિલ્લા વિકાસ અધિકારી, આણંદ શ્રી અમિત પ્રકાશ યાદવ (IAS) દ્વારા પ્રધાનમંત્રીના સંકલ્પ માટેના સાત સૂત્રોની વિગતવાર સમજ અપાઇ. ડો. અરૂણભાઈ પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદે ૨૦૧૭-૨૦૨૨ સુધીમાં ખેડુતોની આવક બમણી કરવા ખેડુત ભાઇઓને આ.કૃ.યુ. દ્વારા ચાલતા વિવિધ તાલીમ કાર્યક્રમો તથા સરકારશ્રી દ્વારા ચાલતી યોજનાઓનો લાભ લઇ બમણી આવક કરતા ચાર ગણી આવક મેળવી શકાશે તે બાબતે માહિતગાર કર્યા. ડો. પી. આર. ભટનાગર દ્વારા ખેડુતોને ખેતીમાં આવક બમણી કરવા માટેના વિવિધ વિકલ્પો પૈકી જળ અને જમીન તથા ખેતીમાં યાંત્રીકીકરણ વિશે માહિતી આપી. ત્યારબાદ ખેડુતોને 'એગ્રીકલ્ચર કિસાન વિડિયો' ની ટૂંકી ફિલ્મ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા. શ્રી દિલીપભાઈ પટેલ, માન. સંસદ સભ્યશ્રી, આણંદે ખેડુતોની આવક બમણી કરવા માટેના સંકલ્પ અન્વયે માન. પ્રધાનમંત્રીશ્રીના વિવિધ વિષયોના ખેતીના જ્ઞાન અને રસ બાબતે વિગતવાર ચર્ચા કરી અને ખેડુતોના કલ્યાણ માટે તેમની તત્પરતા દર્શાવી અને પાક વીમાનો લાભ લેવા સુચન કર્યું ત્યારબાદ આ.કૃ.યુ.ના માન. કુલપતિશ્રી ડો. એન.સી. પટેલ સાહેબે ખેડુતોને ગુણવત્તાયુક્ત પાક ઉત્પાદન અને મૂલ્યવૃધ્ધિ વિષે જરૂરીયાત સમજાવી તથા ચરોતરની ભૂમિ પર સફળ થયેલ અમૂલનું ઉદાહરણ આપી ખેડુતોને ખેતીમાં પણ સફળ થવા માટે હાલની નવીનતમ તાંત્રીકતાનો ઉપયોગ કરી સફળ થવા હાકલ કરી. ડો. શ્રીકાંત કાટોલે, વૈજ્ઞાનિક (પશુપાલન), કેવિકે, દેવાતજ દ્વારા ઉપસ્થિત મહેમાન તથા ખેડૂત ભાઈઓ તેમજ બહેનોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન તથા સંચાલન શ્રી. વાય.સી.લકુમ, વૈજ્ઞાનિક (એગ્રોનોમી), શ્રી જે. એચ. ભટ્ટ, વૈજ્ઞાનિક (ફીશરીઝ) તથા શ્રીમતી અમીતા પરમાર, વૈજ્ઞાનિક (બાગાયત) દ્વારા કરવામાં આવેલ. અંતમાં રાષ્ટ્રગીતના સમૂહગાનથી કાર્યક્રમની પુર્ણાહુતી કરવામાં આવી.

# <u>કાર્યક્રમની ઝાંખીઓ</u>





